# ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક – ૨૦૨૪

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્ર. ૧૧, ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક – ૨૦૨૪ માન. ગૃહ મંત્રીશ્રી લઈને આવ્યા છે તે ચર્ચામાં ભાગ લેવાનો મને અવસર પ્રદાન કરવા બદલ હું આ સન્માનનીય ગૃહ પ્રત્યે ધન્યવાદ વ્યક્ત કરી મારી આભારની લાગણી પ્રગટ કરું છું. અને આ બીલને મારું સમર્થન આપીને આ સન્માનનીય સભાગૃહમાં મારા કેટલાંક વિચારો રજૂ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**મને કહેતા આનંદ થાય છે કે ....**

તાજેતરમાં જાહેર થયેલ રાજ્યમાં પી.એસ.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરી પી.આઇ. કક્ષાના બનાવવામાં આવ્યા તે અંતર્ગત મારા અમરેલી જિલ્લાના વડિયા, લાઠી, દામનગર, લીલિયા, ચલાલા, ખાંભા પો.સ્ટે.નો સમાવેશ કરવામાં આવ્યો તે બદલ માન. મુખ્ય મંત્રીશ્રી તથા ગૃહ રાજ્ય મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની આગેવાની હેઠળની સરકારમાં ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ સતત કાયદો અને વ્યવસ્થાની તથા જાહેર વ્યવસ્થાની અને સુલેહ શાંતિની જાળવણી કરવા કાર્યરત છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આ મહત્વના વિભાગના તાલુકા/જિલ્લા કક્ષાના પોલીસ સ્ટેશનના બિલ્ડીંગો અતિ આધુનિક કરવા તેમજ ગુનાખોરીને રોકવા માટે પોલીસ સ્ટેશનમાં વિવિધ હાઈટેક સાધનો જેવા કે બોડીવોર્ન કેમેરા, ઈન્ટર સેપ્ટર કારથી સુસજ્જ કરીને આમ જનતા અને પ્રજામાં સલામતી સુનિશ્ચિત કરી મોટી સિધ્ધી પ્રાપ્ત કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે દેશી દારૂ તથા વિદેશી દારૂની બનાવટની હેરાફેરી તેનો ઉપયોગ અને તેના થકી થતા ગુનાઓને નિયંત્રિત કરવા સારું ગુજરાત પ્રોહીબીશન એક્ટમાં ધરખમ ફેરફાર કરી કાયદાકીય કડક જોગવાઈઓ લાદી આ પ્રવૃત્તિને નેસ્ત નાબુદ કરવા સનિષ્ઠ પ્રયત્નો કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને નિયંત્રિત કરવા સારું ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૪માં સ્ટેટ મોનીટરીંગ સેલની રચના કરવામાં આવી. આ સેલને મુખ્યત્વે કોઓર્ડીનેશન, રીસર્ચ અને એનાલીસીસ જેવી કામગીરી સોંપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી દારૂ-જુગાર તથા અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ અંગેના કેસો શોધવામાં આવે છે તેમજ નાસતા-ફરતા આરોપીઓ પકડવા અને સોંપવામાં આવતી અન્ય કામગીરી કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સ્ટેટમોનીટરીંગ સેલ દ્વારા વર્ષ-૨૦૨૩ માં ગેસ ચોરી, બેલા પથ્થર ચોરી, ખનીજ ચોરી, બાયોડીઝલ, કેમીકલ ચોરી જેવા ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

છેલ્લા વર્ષોમાં પોલીસ ખાતામાં ઘટતા મહેકમનો પણ અલગ અલગ હોદ્દાઓમાં રેંક વાઈઝ ભરતી કરીને ઘટતા મહેકમને સરભર કરવા ઉત્કૃષ્ટ પ્રયાસો કરવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્યને ૧૫૦૦ કિલોમીટરનો દરિયાઇ પટ્ટો હોઇ, આતંકવાદી પ્રવૃત્તિઓ, નશીલા પદાર્થોની હેરાફેરી, ડુપ્લીકેટ ચલણી નોટ, ડ્રગ્સ વગેરે પર સંપૂર્ણ અંકુશ રાખવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

છેલ્લા કેટલાક સમયમાં ગુજરાત રાજ્યની એ.ટી.એસ., એસ.એમ.સી. તથા મરીન પોલીસના સંયુક્ત ઓપરેશન કરી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડી રાજ્યની યુવા પેઢીને નશાની બદીથી મુક્ત કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સરકારશ્રીએ આમ જનતાની સુવિધા માટે મોબાઇલ ફોન અને વાહન ચોરી જેવા ગુનાઓની ઘર બેઠા ઓનલાઇન ફરીયાદ આપી શકે તેવી વ્યવસ્થા કરવા બદલ માન. ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સા. ને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે મહિલાઓના રક્ષણ સારું SHE ટીમ કાર્યરત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કાળક્રમે ગુનાઓના પ્રકારમાં પણ ફેરફાર થતા દિન–દહાડે વધતા જતા સાયબર ક્રાઈમને પહોચી વળવા રાજ્યમાં ૧૮ જેટલા સાયબર પોલીસ સ્ટેશનો બનાવવામાં આવેલા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વધુમાં આમ જનતા અને નાગરિકોમાં સાયબર ક્રાઈમને લગતા ફ્રોડ અંગે જાગૃતતા લાવવા માટે દરેક જિલ્લાની પોલીસે સેમીનારનું આયોજન કરી ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે. તે બદલ ફરી રાજ્યના ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સા. ને આભાર માનું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ વિધેયક લાવવાનો મુખ્ય ઉદ્ધેશ રાજ્યના નાગરિકો કેફી પદાર્થ, ભાંગ, ગાંજા, મહુડાના ફૂલો, દારૂનો  જથ્થો, વગૅરે લઈ જતા વાહનો જપ્ત થયેલ હોય વર્ષો સુધી કોર્ટ કમ્પાઉન્ડમા વણવપરાયેલ પડી રહેવાના કારણે તેની સ્થિતિ ભંગાર જેવી હાલતમાં થઈ જતી હતી. જેના કારણે તેઓને ભારે નુકસાન થતું હતું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હવે આ સુધારા વિધેયકને કારણે આવા વાહનોની જાહેર હરાજી કરી તેનો નિકાલ લાવવાની જોગવાઇ કરવામાં આવી છે જેને હું આવકારું છું અને માન. મંત્રીશ્રી પુનઃ  અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સરકાર સામાન્યજનની પડખે છે એવો અહેસાસ પ્રજાને થાય તેવુ દાયિત્વ અમારી સરકારે નિભાવ્યુ છે. અંતમાં એટલું જ કહીશ કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. એટલે એને વધું મજબૂત બનાવવાની આપણા સહુની જવાબદારી છે. આ જવાબદારી નિભાવવાના સરકારના પ્રયત્નોને હું બિરદાવું છું અને આ પ્રયાસોને મારું સમર્થન આપી પુનઃ રાજ્યના ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સા. ને અભિનંદન આપું છું.

**જય જય ગરવી ગુજરાત.**

**ભારત માતાકી જય**